તાસ દીઠ માનદ વેતનથી(Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવા અંગેની પ્રવાસી શિક્ષક યોજનાની મુદત લંબાવવા અને તાસદીઠ માનદ વેતન (Honorarium) માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૯/૨૦૨૨

**વંચાણે લીધા:-**

૧. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો સમાનાંકી ઠરાવ.
૨. શિક્ષણ વિભાગના તા.૨૦/૧૨/૨૦૨૧ ના સમાનાંકી ઠરાવો.

**આમુખ:-**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકથી ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવાની યોજના વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાની મુદત વિભાગના તા.૨૦/૧૨/૨૦૨૧ ના ક્રમાંક (૨) સામે વંચાણે લીધેલ ઠરાવથી વર્ષ ૨૦૨૧-૨૨ નું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવામાં આવેલ અને વિભાગના તા.૨૦/૧૨/૨૦૨૧ ના અન્ય સમાનાંકી ઠરાવથી તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium) માં સુધારો કરવામાં આવેલ હતો. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ન ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ના થાય તે હેતુથી આ યોજનાની મુદત વધુ સમય માટે લંબાવવાની બાબત તથા રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસદીઠ માનદ વેતન (Honorarium) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના અભ્યાસના વ્યાપક હિતમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ના ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદ વેતનથી (Honorarium Per Period)શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત વર્ષ ૨૦૨૨-૨૩ નું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવાની તથા રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શાળાઓમાં તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium) માં નીચે મુજબનો સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે:

| વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| માધ્યમિક શિક્ષણ | રૂા.૧૭૫/- | ૫ તાસ | રૂા.૮૭૫/- |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂા.૨૦૦/- | ૪ તાસ | રૂા.૮૦૦/- |

- પ્રાથમિક શિક્ષણમાં તાસ પદ્ધતિ ન હોઇ, ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન વિભાગના તા.૨૦/૧૨/૨૦૨૧ ના ક્રમાંક (૨) સામે વંચાણે લીધેલ ઠરાવમાં દર્શાવ્યા મુજબ રૂા.૫૧૦ રહેશે. **પ્રાથમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા.૧૦,૫૦૦/–** થી વધે નહીં તે મુજબ રહેશે.
- **માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા. ૧૬,૫૦૦ /–** થી વધે નહીં તે મુજબ રહેશે.
- **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા. ૧૬,૭૦૦ /–** થી વધે નહીં તે મુજબ રહેશે.

આ યોજના માટે જરૂરી રકમની જોગવાઈ અને ૨૦૨૨-૨૩ ના વિભાગને ફાળવેલ બજેટ સીલીંગની મર્યાદામાં સંબધિત અંદાજપત્ર સદર હેઠળ કરવાની રહેશે. તા.૩૧/૦૩/૨૦૨૩ પછીના સમય માટે જરૂરી ગ્રાન્ટની વ્યવસ્થા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કરાવી લેવાની જવાબદારી સંબંધિત ખાતાના વડાની કચેરીઓની રહેશે.

આ સિવાય વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવની અને વખતો વખતના અન્ય ઠરાવોની જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ મારફત સરકારશ્રીની તા.૨૨/૦૬/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.N.E.

(ભાવેશ એરડા)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર આ હુકમ અપલોડ કરવા સારૂં.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/વ.૨૨/૨૦૩૫૬-૪૨૯
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં: ૯/૧, ડૉ. જી.એમ. ભવન
ગાંધીનગર

પ્રતિ,
DEO શ્રી તમામ

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૪૭૦-ગ તા. ૨૨/૦૬/૨૦૨૨ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

Chaudhari
સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ.
- સંયુક્ત શિક્ષણ નિયામક, વહીવટ, સદર કચેરી
- સંયુક્ત નિયામક. હિસાબ, સદર કચેરી.
- જિલ્લા તિજોરી તમામ (DEO શ્રી મારફત)